રાજ્યમાં રિકવરી રેટ વધીને ૩૯.૨૦ ટકા

ગુજરાતમાં ૧૯ દર્દીના મોત સાથે મૃતાંક વધીને ૬૨૫ પર પહોંચ્યો : અમદાવાદમાં ૨૬૪ કેસો : છેલ્લા અઠવાડિયાના સુપર સ્પ્રેડર્સના ૭૦૯ પોઝિટીવ કેસ એમ કુલ કેસ ૧૦૯૮૯

ગાંધીનગર,તા.૧૬

સમગ્ર ભારતમાં કોરોનાનો આતંક યથાવતરીતે જારી છે. દેશમાં અનેક રાજ્યોની સ્થિતિ ખુબ જ ખરાબ થયેલી છે જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત સહિતના રાજ્યનો સમાવેશ થાય છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૪૮ નવા કેસ સામે આવ્યા છે અને ૧૯ દર્દીના મૃત્યુ થયા છે. આમ અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૦૯૮૯ કેસ નોંધાયા છે અને ગુજરાતમાં મૃત્યુઆંક વધીને ૬૨૫ પર પહોંચ્યો છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિ વધુ વિગત આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં હજુ સુધી ૧૩૮૪૦૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં ૧૦૯૮૯નો રિપોર્ટ પોઝિટિવ અને ૧૨૭૪૧૮નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જે વિસ્તારોમાં કેસ નોંધાયા હતા તેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૬૪ કેસ નોંધાયા હતા જ્યારે સુરતમાં ૩૪, વડોદરામાં ૧૯, ગાંધીનગર અને ખેડામાં ૬-૬ કેસ નોંધાયા હતા જ્યારે ભાવનગરમાં ૪ કેસ સપાટી ઉપર આવ્યા હતા. મૃત્યુ પામેલ દર્દીઓ અંગે વાત કરતા અગ્ર સચિવ જયંતિએ રવિએ કહ્યું હતું કે, રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૯ લોકોના મોત થયા છે. અમદાવાદમાં ૧૪, સુરતમાં ૨, ભાવનગર, બનાસકાંઠા અને ગાંધીનગરમાં એક એક વ્યક્તિનું મોત થયા છે. રાજ્યમાં કુલ મોતનો આંકડો વધીને ૬૨૫ ઉપર પહોંચી ચુક્યો છે. કોરોનાની અપડેટ વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છેકે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૮ કેસ નોંધાયા છે, જ્યારે ૧૯ દર્દીના મોત નીપજયાં છે. કુલ ૨૭૩ જેટલા લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ સાથે રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દી ૧૦૯૮૯ થઈ છે. અત્યારસુધીમાં કુલ ૪૩૦૮ ડિસ્ચાર્જ થયા છે. ૬૦૧૦ દર્દી સ્ટેબલ અને ૪૬ વેન્ટિલેટર પર છે. રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું છેકે, સમગ્ર રાજ્યમાં કૃષિ અને કૃષિ સંલગ્ન તમામ પ્રવૃતિઓને લોકડાઉનમાંથી મૂક્તિ આપવામાં આવી છે. જેથી ખેડૂતો ખેતિ વિષયક પ્રવૃત્તિ ચાલુ રાખી શકે છે. ખેડૂતોને ખેતીકામ માટે જતા આવતા પોલીસ દ્વારા રોકવામાં આવશે નહીં. ખેડૂતોને તેમની ખેત પેદાશ વેચવા માટે પણ મુક્તિ આપવામાં આવી છે. જે વિસ્તારોમાં ઉદ્યોગોને છૂટ આપવામાં આવી છે. તેમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ, કર્મચારી અને વાહનોને અટકાવવામાં આવશે નહીં. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત સહિત દેશમાં સૌ કોઈ કોરોના મહામારીથી મુક્ત બને અને જનજીવન ઝડપભેર પૂર્વવત થાય તેવી પ્રાર્થના સાથે ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી આજે સવારે વીડિયો કોલિંગથી ઇ સંકલ્પ કરીને સુપ્રસિદ્ધ તીર્થ ક્ષેત્ર સોમનાથ મહાદેવના દર્શન-પૂજન કર્યા હતા. સાબરકાંઠાના એસપીની કાર્યશૈલીથી નારાજ સાંસદ દિપસિંહ રાઠોડે એસપીને બદલવા માટે કેન્દ્રીય ગૃહમંત્રીથી લઈને રાજ્યના ગૃહમંત્રીને પત્ર લખ્યો છે. નોંધનીય છેકે આ પહેલા જિલ્લા કલેકટરે પણ એસપીની કામગીરીથી નારાજ થઈને ફરિયાદ કરી હતી.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૮૧૪૪	૪૯૩	૨૫૪૫
વડોદરા	૬૩૯	૩૨	૩૮૪
સુરત	૧૦૪૯	૪૯	૬૮૭
રાજકોટ	૭૯	૦૧	૫૧
ભાવનગર	૧૦૭	૦૮	૬૯
આણંદ	૮૨	૦૮	૭૧
ભરૂચ	૩૨	૦૨	૨૫
ગાંધીનગર	૧૬૩	૦૬	૬૩
પાટણ	૩૮	૦૨	૨૨
નર્મદા	૧૩	૦૦	૧૨
પંચમહાલ	૬૯	૦૫	૪૮
બનાસકાંઠા	૮૩	૦૪	૫૪
છોટાઉદેપુર	૨૧	૦૦	૧૪
કચ્છ	૧૪	૦૧	૦૬
મહેસાણા	૭૫	૦૩	૪૦
બોટાદ	૫૬	૦૧	૪૪
પોરબંદર	૦૪	૦૦	૦૩
દાહોદ	૨૨	૦૦	૧૬
ખેડા	૪૦	૦૧	૧૯
ગીર-સોમનાથ	૨૩	૦૦	૦૩
જામનગર	૩૪	૦૨	૦૪
મોરબી	૦૨	૦૦	૦૧
સાબરકાંઠા	૩૨	૦૨	૦૯
મહીસાગર	૪૮	૦૧	૩૫
અરવલ્લી	૭૭	૦૨	૪૧
તાપી	૦૨	૦૦	૦૨
વલસાડ	૦૮	૦૧	૦૪
નવસારી	૦૮	૦૦	૦૮
ડાંગ	૦૨	૦૦	૦૨
દેવભૂમિ દ્વારકા	૧૨	૦૦	૦૨
સુરેન્દ્રનગર	૦૪	૦૦	૦૧
જૂનાગઢ	૦૫	૦૦	૦૨
અમરેલી	૦૧	૦૦	૦૦
અન્ય રાજ્ય	૦૧	૦૦	૦૦
કુલ	૧૦,૯૮૯	૬૨૫	૪૩૦૮

ડીસામાં કોરોના વોરિયર્સને વિદાય

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસા ખાતે આવેલ ભણસાલી હોસ્પિટલને કોવિડ હોસ્પિટલ બનાવાઈ છે જ્યાં કોરોનાના દર્દીઓની સારવાર થાય છે, જે હોસ્પિટલમાં છેલ્લા ૨૫ દિવસથી જીવના જોખમે પરિવારથી દૂર રહીને ઉમદા ફરજ બજાવનાર ૧૪ જેટલા આરોગ્ય કર્મચારીઓ એગલે કે કોરોનાના ફ્રન્ટ વોરિયર્સને દિપક હોટલ ખાતે ભાવભીની વિદાય અપાઈ હતી. જેમાં ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ તેમને સન્માનપત્ર આપી તેમની સેવાને મુક્ત કંઠે બિરદાવી હતી. જ્યારે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જીગ્નેશ હારિયાણીએ પણ તેમની સેવાને બિરદાવી ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી હતી. હવે તેમના સ્થાને અન્ય કર્મચારીઓ ફરજ બજાવશે.

સૌરાષ્ટ્રમાં જળાશયો તેમજ તળાવો નર્મદા નીરથી ભરાશે

ગ્રામ્ય સ્તરે પાણી પહોંચાડવાનો સરકાર નિર્ણય : સૌની યોજનાની સાથે જોડાયેલા ૨૭ જળાશયો અને ૫૪૭ ચેકડેમ-તળાવો પણ નમર્દા નીરથી ભરાશે : નીતિન પટેલ

ગાંધીનગર,તા.૧૬

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજ્યમાં ઉનાળાની ગરમી પ્રવર્તી રહી છે ત્યારે ગામડાઓમાં પશુઓને પીવાનું પાણી તથા અન્ય જરૂરીયાતો પુરી થાય તે માટે ગ્રામ્ય સ્તરે આગામી ૨૦ મી મે થી નર્મદાના નીર દ્વારા તળાવો અને ચેકડેમો ભરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ગ્રામ્ય સ્તરે પાણી મળી રહે તે માટે સિંચાઇ વિભાગની માંગણીના આધારે આગામી તા.૨૦ મી મે થી નર્મદાના નીર દ્વારા આ તળાવો ભરાશે જેમાં ઉત્તર ગુજરાતમાં સુજલામ-સુફલામ યોજનાની પાઇપલાઇન સાથે જોડાયેલા ૫૫૦ તળાવો ભરવા માટે ૧૦,૪૬૫ એમસીએફટી પાણી છોડાશે અને આગામી સમયમાં પણ જેમ જરૂરીયાત ઉભી થશે એ મુજબ પણ પાણી આપવાનું અમારૂ આયોજન છે. તેમણે ઉમેર્યુ કે, સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ ગ્રામ્ય સ્તરે પાણી પહોંચે તે માટે સૌરાષ્ટ્રની મહત્વની એવી "સૌની યોજના" સાથે જોડાયેલા જળાશયો અને ચેકડેમોમાં પણ તા. ૨૦ મી મે થી નર્મદાના નીર દ્વારા ભરવામાં આવશે. જેમાં લીંક-૧ દ્વારા ૧૬ તળાવો, ચેકડેમો, લીંક-૨ દ્વારા ૬ જળાશય અને ૨૯૩ તળાવો ચેકડેમો, લીંક-૩ માં ૬ જળાશયો અને ૫૩ તળાવો ચેકડેમો, લીંક-૪ માં ૧૫ જળાશયો અને ૧૮૫ તળાવો ચેકડેમ મળી અંદાજે કુલ-૨૭ જળાશયો અને ૫૪૭ ચેકડેમો તથા તળાવો ભરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે, કચ્છમાં પણ ટપ્પર ડેમ દ્વારા નાગરિકોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. ત્યારે ટપ્પર ડેમમાં પણ જરૂરીયાત મુજબ જેટલા પાણીની જરૂર હશે એટલું પાણી નર્મદા નિગમ દ્વારા પુરૂ પાડવામાં આવશે.

હેરકટીંગ સલુન તથા બ્યુટિ પાર્લર એસોસીએશનની માંગ

કોરોના વાયરસના ફેલાવા પર કાબુ મેળવવા લોકડાઉન-૩ લાગુ કરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્ય સહીત અરવલ્લી જીલ્લામાં નાના-મોટા હેરસલુન અને બ્યુટીપાર્લરના ધંધા રોજગારી પર પણ કોરોના વાયરસે કાતર ફેરવી દીધી છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં આવેલા નાના-મોટા અંદાજે ૨૦૦ થી વધુ પોતાની માલીકી કે ભાડાની મિલ્કતમાં હેર પાર્લરમાં કામ કરતા અસંખ્ય રોજમદાર કારીગરોની માસીક આવક પર પણ કોરોના વાયરસે કહેર મચાવ્યો છે. હેરસલુન માલિકો અને હેરસલૂનમાં કારીગીરી કરી પેટીયું રળતા કારીગરોની હાલત દયનિય બની છે, ત્યારે મોડાસા હેર કટીંગ સલુન તથા બ્યુટિપાર્લર એસોસીએશને જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સરકાર સમક્ષ માર્ગદર્શન, સેફટી કીટ અને આર્થિક મદદ માટે માંગ કરી હતી.

મોડાસા હેર કટીંગ સલુન તથા બ્યુટિ પાર્લર એસોસીએશનના સદસ્યોએ મુખ્યમંત્રી વીજય

રૂપાણીને સંબોધીને લખેલ આવેદનપત્ર જીલ્લા કલેક્ટરને આપી જણાવ્યું હતું કે કોરોના મહામારી સામે દેશ લડત ચલાવી રહ્યો છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં હેર કટિંગ સલુન અને બ્યુટીપાર્લર ધારકો પણ લડત આપી રહ્યા છે. હેર કટીંગ અને બ્યુટી પાર્લર ચલાવતાં લોકો કારીગર વર્ગ હોવાથી આર્થિક સ્થિતિ સાધારણ હોવાથી રોજ કમાઈને ખાવા ખાવાવાળા છીએ કોરોનાને લઈને લોકડાઉન ચાલતું હોવાથી અમારી હાલત કપરી બની છે. સરકાર પાસે સરકાર સમક્ષ માર્ગદર્શન, સેફટી કીટ અને આર્થિક મદદ માટે માંગ કરી હતી અને લોકડાઉન પુર્ણ થયા પછી વ્યવસાય ચાલુ કરવા મંજુરી આપવામાં માંગ કરી હતી.

ભારતીય કિસાન સંઘે સાબરકાંઠા પોલીસે ખેડૂતો પર ત્રાસ ગુજારાતાં આવેદનપત્ર આપ્યું

અરવલ્લી, તા. ૧૬

હાલ કોરોના કહેર ચાલી રહ્યો છે. ત્યારે બે જિલ્લા વચ્ચે અવર જવર પર પ્રતિંબધ લાદવામાં આવ્યો છે. પરંતુ બે જિલ્લા વચ્ચેના કેટલાક ગામ એવા હોય છે કે તે ગામોમાં તમામ વ્યવહારો રાખવામાં આવતા હોય છે. અરવલ્લીના રમોસ ગામના ખેડૂતો નજીકમાં જ આવેલ રણાસણ ગામે ખેતી માટે ડિઝલ લેવા જતાં સાબરકાંઠા પોલીસ દ્વારા માર મારવામાં આવ્યો હતો. ત્યારે ભારતીય કિસાન સંઘ અરવલ્લી જિલ્લા શુક્રવારના રોજ અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદન આપી પોલીસકર્મીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

ભારતીય કિસાન સંઘ અરવલ્લીના પ્રમુખ જીવાભાઈ કે. લટા અને મંત્રી પ્રેમજીભાઈ પટેલ તેમજ સંઘના હોદ્દેદારોએ શુક્રવારના રોજ મુખ્યમંત્રીને ઉદ્દેશીને અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

જિલ્લાના ૨૬૬ ગામોમાં ૧૮ લાખ ૭૬ હજારથી વધુ આયુર્વેદ ઉકાળો અપાયો

ગાંધીનગર જિલ્લામાં ૨૬૬ ગામમાં રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરતાં આયુર્વેદ ઉકાળાના ૧૮ લાખ ૭૬ હજારથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. તેમજ

૨૨૧ ગામોમાં ૬ લાખ ૬૩ હજારથી વધુ હોમિયોપેથીક દવાઓ આપવામાં આવી છે.

કોરોના વાયરસ સામે લડવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધારે હોવી ખૂબ જ જરૂરી છે. કોરોના વાયરસની મહામારી દરમ્યાન ગાંધીનગર જિલ્લાના લોકોની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય તે માટે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલ અને આયુષ કચેરી, ગુજરાત રાજયના નિયામક શ્રીમતી ડાં. ભાવનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ ઉકાળા અને હોમિયોપેથિક દવાના વિતરણનું સુચારું આયોજન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના કુલ – ૨૬૬ ગામોમાં આયુર્વેદ ઉકાળાના ડોઝ ઘરે ઘરે આપવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧,૬૯,૯૦૬, માણસા તાલુકામાં ૧,૬૮,૫૭૫, દહેગામ તાલુકામાં ૩,૩૫,૧૩૭ અને ગાંધીનગર તાલુકામાં ૧૨,૦૬,૨૩૬ મળી કુલ- ૧૮,૭૬,૮૫૪ ઉકાળાના ડોઝ આપવામાં આવ્યા છે.

ચાર તાલુકાના ૨૨૧ ગામોમાં નાગરિકોની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરવા માટે ખાસ હોમિયોપેથીક દવાઓ આપવામાં આવી હતી. જેમાં કલોલ તાલુકામાં ૫૫,૩૧૬, ગાંધીનગર તાલુકામાં ૨, ૩૦,૩૦૧, દહેગામ તાલુકામાં ૫૭,૪૭૭ અને માણસા તાલુકામાં ૧,૫૬,૨૨૮ અને હોમિયોપેથી કોલેજ અને હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી ડાં. ડી.ડી.પટેલ દ્વારા ૧૫૫ ગામોમાં ૧,૬૩,૮૮૦ મળી કુલ-૬,૬૩,૨૦૨ લોકોને હોમિયોપેથી દવા આપવામાં આવી છે.

તેઉપરાંત તા.૧૧મી એપ્રિલ, ૨૦૨૦થી તા. ૧૫મી મે, ૨૦૨૦ દરમ્યાન ૧૪ સ્થળોએ કુલ- ૫૭૨ કવોરન્ટાઇન વ્યક્તિઓએ સારવાર મેળવેલ હતી. જે પૈકી ૨૯૫ લોકોએ આયુર્વેદ દવા અને ૨૭૭ લોકોએ હોમિયોપેથીક દવા લીધી હતી. આ પૈકી આયુર્વેદ સારવાર પૂરી કર્યા બાદ કોઈપણ દર્દી પોઝિટીવ આવ્યો નથી. જયારે હોમિયોપેથીક સારવાર પૂરી કર્યા બાદ કુલ- ૧૧ વ્યક્તિ કોવિડ-૧૯ની તપાસમાં પોઝિટીવ આવ્યો છે. આ ઘટનાની તપાસના આદેશો આપ્યા હતા.

૨૪મી માર્ચની અડધી રાતથી એકાએક રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેર કરી દેવાતા અલગ અલગ રાજ્યમાં લાખો શ્રમિકો ફસાયેલા છે. લોકડાઉન-૨ શરૂ થયા બાદ આ ફસાયેલા પરપ્રાંતના શ્રમિકોના મનમાં પોતના ગામ જવાની લાગણી સર્જાતા હજારો મજૂરો રોડ વાટે પગપાળા સપરિવાર તો કોઇ એકલદોકલ પોતાના વતન પરત ફરી રહ્યા છે.. આ દરમિયાન રોડ અકસ્માતોની ઘટના પણ બની રહી છે. તાજેતરમાં મધ્ય પ્રદેશના ગુનામાં થયેલા ભીષણ અકસ્માત બાદ આજે શનિવારે ઉત્તર પ્રદેશના ઓરૈયામાં સવારે ગંભીર અકસ્માત થયો હોવાના સમાચાર પ્રાપ્ત થયા હતા.. અહીં ફરીદાબાદથી ૮૧ મજૂરોને લઈને આવી રહેલા એક ટ્રક સાથે બીજા ટ્રકની ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૨૪ મજૂરોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે. જ્યારે ૩૫ લોકો ગંભીર રીતે ઘાયલ છે.

આ ઘટના ઉત્તર પ્રદેશના ઓરૈયામાં શનિવાર વહેલી સવારે બની હતી. જેમા ૨૪ મજૂરોના મોત થયા છે. મજૂરો ભરેલી ટ્રકે બીજી ટ્રકને ટક્કર મારી દીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ મજૂરો ચૂનાથી ભરેલી ટ્રકમાં સવાર હતા. ચિરુહલી વિસ્તારમાં ઉભેલી અન્ય ટ્રક સાથે આ ટ્રક અથડાઈ હતી.

બનાવ ઓરૈયા પાસે ચિરહલી વિસ્તારમાં એક ઢાબા પાસે બન્યા હતો. પોલીસના જણાવ્યા મુજબ બન્ને ટ્રકમાં મજૂર સવાર હતા. દિલ્હીથી આવેલી ટ્રક ઢાબા પાસે રોકાયો હતો. અમુક લોકો ચા પીવા નીચે ઉતર્યા હતા. ત્યારે રાજસ્થાનથી આવતી ટ્રકે ટક્કર મારી હતી. તેમા ચૂનો ભર્યો હતો અને તેમા ૩૦ મજૂરો બેઠા હતા. જે લોક ચા પીવા નીચે ઉતર્યા હતા તે બચી ગયા. નજરે જોનારના કહ્યા મુજબ રાજસ્થાનથી આવી રહેલી ટ્રકના ડ્રાઈવરને ઝોકુ આવી ગયું હતું. બન્ને ટ્રકની ટક્કર પછી ચૂનાની થેલીઓ નીચે મજૂરો દટાયા હતા

મરનારમાં ૧૫ લોકોની ઓળખ થઈ ગઈ છે. તેમા સૌથી વધારે સાત મજૂરો ઝારખંડના છે. પશ્ચિમ બંગાળના ૪ મજૂર હતા. આ ઉપરાંત બિહાર અને ઉત્તર પ્રદેશના બે બે મજૂર હતા. બાકીના મરનાર લોકોની ઓળખ થઈ રહી છે . જ્યારે, ઓરૈયાના ડીએમ અભિષેક સિંહના જણાવ્યાં પ્રમાણે, અકસ્માત વહેલી સવારે ૩.૩૦ વાગ્યે થયો હતો.

અફીણનો જથ્થો... ● પાંચમા પાનાનું ચાલુ

એ.એસ.આઈ. જયપાલસિંહ અર્જુનસિંહ તથા અ.લોકરક્ષક ભાવિકકુમાર તથા રવિકુમાર અને એસઓજી સ્ટાફના પો.સ.ઈન્સ. ડી.જે. લકુમ તથા એએસઆઈ કૌશિક વ્યાસ તથા બે અ.પો.કોન્સની ટીમ સાથે સંયુક્ત પેટ્રોલીંગ કરી વાહન ચેકીંગ કરતા હતા. તલોદ-મોડાસા રોડ ઉપરની ટીઆર ચોકડી પંથકમાં તલોદ પોલીસ અને એસઓજી પેટ્રોલીંગમાં હતી ત્યારે હરસોલ તરફથી ઉક્ત ગાડી માદક પદાર્થ સાથે આવી રહી હોવાની બાતમી મળતા તત્કાળ જિલ્લા પોલીસ અધિક્ષક સાબરકાંઠાને જાણ કરી હતી. બાદ તેઓના માર્ગદર્શન હેઠળ એક સુઆયોજીત ઓપરેશન પાર પાડવા માટે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી. જે ઓપરેશન રાતભરમાં સફળ રહ્યુ હતુ.

દરમ્યાન હરસોલ બાજુથી બાતમી અન્વયેની વર્નાગાડી દોડી આવતી જણાતાં તેને થોભાવી તેમાં સવાર ૨ ઈસમોને નીચે ઉતારી વર્ના ગાડીની તલાસી લેતાં ગાડીની ડ્રાઈવર સીટની બાજુની સીટ નીચેથી એક ગુલાબી કલરની કાપડની થેલી મળી આવી હતી. જે થેલીમાંથી પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાંથી કાળાશ પડતો ઘટ્ટ પ્રવાહી જેવો પદાર્થ મળી આવ્યો હતો. જે પદાર્થ એફએસએલ અધિકારી સુનિલ ધનગરે પરિક્ષણ કીટથી તપાસી અફીણ હોવાનું જણાવ્યુ હતુ. આ ગે.કા. હેરાફેરી કરવામાં આવતા અફીણના જથ્થાનું વજન ૨ કિલો ૧૭૭ ગ્રામ થવા પામ્યુ હતુ. પોલીસના દાવા અનુસાર આ અફીણની આંતરરાષ્ટ્રિય બજાર કિંમત ૧ કિલોના ૨૫૦૦૦ હોવાથી ઝડપાયેલા અફીણના જથ્થાની કિંમત પોલીસ દફતરે માત્ર રૂ. ૫૪૪૨૫ નોંધાવા પામી છે. વર્ના ગાડી તથા અફીણનો જથ્થો લઈ આવનાર તલોદનો પિન્ટુ રમેશભાઈ ડાંગી મૂળ રાજસ્થાનના ડુંગલા તાલુકાના પાલોદ ગામનો રહેવાસી છે. જે કેટલાક વર્ષથી તલોદની સર્વોદય સોસાયટીના બંગલા નં. ૨૮માં પોતાના પરિવાર સાથે રહે છે જેના પરિવારનો વ્યવસાય તલોદમાં ભાજીપાઉંનો છે. તે તેના એક મિત્ર-સંબંધી રાજસ્થાનના ચિતોડગઢ-થાણા ડુંગલા જિલ્લાના પાલોદના મૂળ રહેવાસી ભંવરલાલ કરનાજી લકમાજી ડાંગી સાથે આ અફીણ સાથે ગાડીમાં તલોદ આવ્યો હતો. ભંવરલાલ હાલ ૪૯, શક્તિવિજય સોસા. સુરત ખાતે એક ભાડાના મકાનમાં રહેતો હોવાનું જાણવા મળેલ છે.

પરિણામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ રવિવારે સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી પરિણામ જાહેર કરવામાં આવશે. જયારે ઉમેદવારોના પ્રમાણપત્રના વિતરણની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા બાદ હજુ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની કસોટી બાકી છે. જેની તારીખ પણ હવે જાહેર થશે જયારે નીટની પરીક્ષા પણ આગામી તા ૨૬ જુલાઇએ યોજાશે. જયારે જે ઇ ઇ મેઇનની પરીક્ષા પણ ૧૮ થી ૨૩ જુલાઇ દરમિયાન લેવાનાર છે. વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ કોરાનાના સંકટ વચ્ચે ટુંકા સમયગાળામાં તૈયાર કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ પરિણામલક્ષી ઉત્સુકતા પ્રવર્તી છે.

હેલ્થકાર્ડ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરોની જેમ ફુટ શાકની લારી તેમજ કરિયાણાના વેપારીઓ સુપર સ્પ્રેડર ન બને તે માટે તેમને હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવાની ગતિવિધિઓ હાથ ધરવી અનિવાર્ય છે. જેથી કોરાના મહામારીના સંજોગોમાં અમદાવાદની જેમ ગાંધીનગરમાં પણ સુપર સ્પેડર ખતરારૂપ પુરવાર ન થાય ગાંધીનગર વિસ્તાર અને વસતીની દ્રષ્ટીએ ગીચ નથી ત્યારે લોકડાઉનમાં છુટછાટ અપાય તેવા સંજોગોમાં પુર્વ તૈયારીઓ આરંભી કોરાનાના સંક્રમણને વધુ ફેલાતુ અટકાવવા માટે જરૂરી પગલા લેવા અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

મિત્રતા...● અનુસંધાન પહેલાનું ચાલુ

વચ્ચેની મિત્રતાને વધુ મજબૂત બનાવવી જોઈએ. નોંધપાત્ર વાત એ છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને યુએસ વચ્ચેની નજીકની ભાગીદારીનો ઉલ્લેખ કર્યો હતો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમનો 'સારો મિત્ર' ગણાવ્યો હતો. તેમણે જાહેરાત કરી કે યુ.એસ. 'અદ્રશ્ય દુશ્મન' સામે લડવામાં મદદ કરવા માટે ભારતને મોટી સંખ્યામાં વેન્ટિલેટર આપશે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત મળીને જીવલેણ કોરોના વાયરસની રસીઓ વિકસાવી રહ્યા છે. ટ્રમ્પે શુક્રવારે ટ્વિટ કર્યું હતું કે, મને એ વાતનો ગૌરવ છે કે અમેરિકા ભારતમાં અમારા મિત્રોને વેન્ટિલેટર આપશે. પીએમએ કહ્યું કે આવા સમયે રાષ્ટ્રોને સાથે મળીને કામ કરવા અને વિશ્વને સ્વસ્થ અને કોવિડ -૧૯ થી મુક્ત બનાવવા માટે શક્ય તેટલું કામ કરવું જરૂરી છે. નરેન્દ્ર મોદી દેશમાં લીધેલા પગલાથી દુનિયાના સમગ્ર દેશો ભારે પ્રભાવિત થયેલા છે. ગઈકાલે અમેરિકાએ ભારતના વખાણ કરતા મોદીએ આભાર માન્યો હતો.

વાવાઝોડાનું સંકટ...● અનુસંધાન પહેલાનું ચાલુ

તો પહેલા ૧૭ મેના રોજ ઉત્તર-પૂર્વ તરફ આગળ વધશે અને પછી તે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધે તેવી સંભાવના છે. આગામી ૪૮ કલાકમાં તેનું ચોક્કસ અનુમાન લગાવી શકાશે કે વાવાઝોડું કઈ દિશામાં જશે. સ્કાઈમેટના હવામાન વિજ્ઞાની મહેશ પલાવતે કહ્યું કે અમ્ફાન આ વર્ષનું પહેલું તોફાન હશે. તેનાથી આંદામાન-નિકોબારમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ કેરળ, ઓરિસ્સા, તમિલનાડુ, પુડુચેરી અને કર્ણાટકમાં ભારે વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના ઘણા ભાગમાં વરસાદ પડી શકે છે. ૭૦ કિલોમીટરની ઝડપે પવન ફૂકાવાની અને વરસાદ પડવાની આગાહી કરાવામાં આવી છે. વાવાઝોડાના કારણે ૮ રાજ્યોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં પશ્ચિમ બંગાળ, ઓડિસ્સા, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, અંદામાન નિકોબાદનો સમાવેશ થયા છે. કરવામાં આવેલી આગાહી અનુસાર, પશ્ચિમ બંગાળ, ઓડિસ્સા અને અંદામાન નિકોબાદમાં આ વાવાઝોડું સૌથી વધુ કેર વર્તાવી શકે છે.

અકાળે મોત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સપનાઓ જોઇ રહ્યાં હતા ત્યારે વહેલી સવારે બનેલી ઘટનામાં માર્યા જતાં તેમના સપનાઓ વેરવિખેર થઇ ગયા હતા. લોકડાઉનમાં એક અંદાજ પ્રમાણે ૧૦૦ જેટલા સ્થળાંતરિત શ્રમિકો કેટલાય કિ.મી. ગરમીમાં પગપાળા ચાલીને, કોઇ વાહનના અડફેટે આવીને કે પછી ભૂખમરાને કારણે માર્યા ગયા હોવાનો દાવો થઇ રહ્યો છે. જો કે ૮મી મે પછી કમસે કમ ૫૦ કરતાં તો વધારે શ્રમિકો રેલ અને માર્ગ અકસ્માતમાં માર્યા ગયા છે,જેનો કોઇ ઇકાર કરી શકે તેમ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને આ ઘટના પ્રત્યે દુખ વ્યક્ત કર્યું હતું. યુપી સરકારે